**નામ.સુપ્રીમ કોર્ટ મેટર/ સમયમર્યાદા/અગત્યનું**

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં.૦૩, પ્રથમ માળ,
કર્મયોગી ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર -૩૮૨૦૧૦
E-Mail ID- asc-coor-labour@gujarat.gov.in

ક્માંક:શ્ર.આ.૧/સંકલન/૨૦૨૫/૯૩૦ થી ૯૬૭ તા. ૯૫/૦૯/૨૦૨૫

પ્રતિ,
નાયબ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત
મદદનીશ શ્રમ આયુક્તશ્રી, તમામ જિલ્લા

**વિષય:- POSH એક્ટ-૨૦૧૩ ની ખાનગી સંસ્થાઓમાં અમલવારી કરવા બાબત**

**સંદર્ભ:-** (૧) નામ.સુપ્રીમ કોર્ટના કેસ નં.૨૨૫૫૩/૨૦૨૩ નો તા.૦૩/૧૨/૨૦૨૪ નો હૂકમ
(૨) નામ.સુપ્રીમ કોર્ટના કેસ નં.૨૨૫૫૩/૨૦૨૩ નો તા.૧૨/૦૮/૨૦૨૫ નો હૂકમ
(૩) સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર નો તા.૦૬/૦૯/૨૦૨૫ નો પત્ર
(૪) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો તા.૦૮/૦૯/૨૦૨૫ નો ઇ-મેઇલ

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ ના અમલીકરણને મજબૂત બનાવવા માટે "SHe-Box પોર્ટલ" નામનું એક ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કર્યું છે. SHe-Box પોર્ટલ મહિલા કર્મચારીઓ માટે કાર્યસ્થળ પર જાતીય સતામણીની ફરિયાદો નોંધાવવા માટે સિંગલ-વિન્ડો એક્સેસ તરીકે કામ કરે છે, અને સરકારી અને ખાનગી સંસ્થાઓ માટે અનુપાલન અને દેખરેખના સાધન તરીકે પણ કાર્ય કરે છે.

૧૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી દરેક સંસ્થા (જાહેર કે ખાનગી) એ SHe-Box પોર્ટલ પર ફરજિયાત નોંધણી કરાવવી જરૂરી છે. વધુમાં, આવી દરેક સંસ્થાએ કાયદાની જોગવાઈઓ હેઠળ એક Internal Committee (IC) ની રચના કરી પોર્ટલ પર સમિતિની વિગતો અપલોડ કરવાની રહે છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને માનનીય સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયાના ૨૦૨૩ ના Miscellaneous Application Diary No. ૨૨૫૫૩ અને ૨૦૧૪ ના Civil Appeal No. ૨૪૮૨ (Aureliano Fernandes vs. State of Goa) માં તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ નીચે મુજબ નિર્દેશ આપેલ છે.:

"For the purpose of conducting a survey by the District Officer as notified above, the said survey shall be conducted and the report shall be submitted to this Court on or before 31.03.2025 on behalf of every State/Union Territory. Thus, the following directions

(1) The Chief Secretaries of every State shall take steps to identify and notify the Officer to be the District Officer of every District on or before 31.12.2024, if not already done.
(2) The District Officer shall constitute the Local Committee wherever such committees have not yet been constituted or there has to be a reconstitution of such committees already constituted on or before 31.01.2025
(3) The Chief Secretaries of States/Territories shall ensure that the Internal Complaints Committee shall be constituted or re-constituted, as the case may be, having regard to the Section 4 of the 2013 Act in of respect their Government Departments,

instrumentalities and agencies of the State Government and public sector units and other units coming under the supervision and control of the State Governments/Union Territories by 31.01.2025.

(4) Similarly, Union of India/Central Government, shall take steps to constitute or re-constitute, as the case may be, the Internal Complaints Committee in respect of a work place, wherever the same has not yet been accomplished on or before 31.01.2025 in respect of its Departments, instrumentalities and agencies.

(5) The respective States/Union Territories to file the affidavits compliance of these directions and copies of the said affidavits shall be e-mailed to learned ASG, learned Amicus Curiae, learned The said AOR for the petitioner(s) in W.P. No. 1224/2017. affidavits shall be filed in the first week of February, 2025 indicating the compliance of the aforesaid directions.

(6) The Legal Services Institutions at the Central, State, District and Taluka levels shall assist an aggrieved woman to make a complaint under the provisions of the 2013 Act as and when approached."

ત્યારબાદ નામ.સુપ્રિમ કોર્ટે તા.૧૨/૦૮/૨૦૨૫ ના ચૂકાદાથી વર્કપ્લેસ અને અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરની વ્યાખ્યાઓ ધ્યાને લઈ નીચે મુજબ નિર્દેશ આપેલ છે.:

"Therefore, it becomes the duty of an employer to ensure that in a workplace an Internal Complaints Committee is constituted in terms of Section 4 of the Act. It is hence the responsibility of the Labour Department to ensure that the Internal Complaints Committee constituted by every employer of a workplace and if no such Committee has been constituted to take steps under the provisions of the POSH Act. In order to ascertain as to whether the Employer of a workplace as defined under the POSH Act has constituted the Internal Complaints Committee in terms of Section 4 of the POSH Act, it is necessary to have the aforesaid data and to take steps where there has been no such constitution of the Committee. It is for this purpose that the survey was directed vide order dated 03.12.2024.

Learned counsel for the respective States and Union Territories submitted that the survey has not been completed in terms of the earlier order dated 03.12.2024. Since a direction is now issued to have the survey conducted with the assistance of the Labour Commissioners in the District and the Chief Labour Commissioner of the State, the said exercise shall be conducted within a period of six weeks from today if not already completed."

ઉક્ત ચૂકાદા મુજબની કાર્યવાહી કરવા માટે POSH Act ની કલમ ૫ હેઠળ નિમાયેલ જિલ્લા અધિકારીને સર્વેની કામગીરીમાં મદદરૂપ થવાનું રહે છે. જેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ- નગરપાલીકા અને મહાનગરપાલીકા હેઠળ નોંધાયેલ ૧૦ કે તેથી વધુ કામદારો ને કામે રાખતી દુકાન અને અન્ય વાણિજ્ય સંસ્થાઓ તથા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકની કચેરી હેઠળ નોંધાયેલ કારખાનાઓની વિગતો મેળવી જિલ્લા અધિકારીને પૂરી પાડવાની રહે છે. દરેક જિલ્લાના મદદનીશ શ્રમ આયુક્તશ્રીએ સદર કાર્યવાહી કરી, તેનો વિભાગીય જિલ્લાઓનો વિગતવાર અહેવાલ સંબંધિત નાયબ શ્રમ આયુકશ્રીએ સંકલિત કરી અત્રેને તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ - ઉપર મુજબ

શ્રમ નિયામક
શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજય, ગાંધીનગર

નકલ સવિનય રવાના –

અગ્ર સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.